RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 10 * Issue No. 352 * Date: 12.10.2024,Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-




# ટ્રાફિક નિયમોનો અભ્યાસ કરી આઉટ ઓફ બોક્સ વિચારો : HC



અમદાવાદના ૨૦ અરજદારોએ ગુજરાત હાઈકોર્ટમાં પોલિટેકનિકથીૈંસ વચ્ચે બનનારા ઓવરબ્રિજને લઈને એડવોકેટ સલીલ ઠાકોર મારફતે જાહેર હિતની અરજી દાખલ કરી હતી. જે ચીફ જજ સુનિતા અગરવાલ અને જજ પ્રણવ ત્રિવેદીની બેન્ચ સમક્ષ ચાલી રહી છે. અરજદારોએ આ બ્રિજ નિર્માણને જ પડકાર ફેંક્યો હતો. હાઈકોર્ટે આૅન્નો વિષય વિસ્તૃત કરીને શહેરમાં ટ્રાફિક સમસ્યા, બ્રિજની ડિઝાઈન, ગ્રીન કવર સુધી વિસ્તાર્યો હતો. આજે આ મુદ્દે હાઈકોર્ટમાં વધુ સુનાવણી હાથ ધરાઈ હતી. આજની સુનાવણી નવરાત્રિમાં હેલ્મેટ અમલીકરણ અને ચોમાસા બાદ રોડના પેચવર્કને લઈને રાખવામાં આવી હતી.જેમાં છ્સ્ઝ એફિડેવિટ કરીને જણાવ્યું હતું કે, છેલ્લા એક અઠવાડિયામાં પેચવર્ક કરીને ૭૩૬ ખાડા પૂરાયા છે. જેના ફોટો કોર્ટ સમક્ષ મૂકવામાં આવ્યા હતા. કોર્ટે પૂછ્યું હતું કે, કેટલું કામ બાકી છે? વરસાદ પછી તમારું કામ સતત ચાલુ રહેવું જોઈએ. જે અંગે છ્સ્ઝએ જણાવ્યું હતું કે, કામ સતત ચાલુ જ છે, ચોમાસામાં શહેરમાં આશરે ૨૦૦૦ જેટલા ખાડા પડ્યા હતા. છેલ્લા અઠવાડિયામાં ૭૩૬ અને અગાઉના અઠવાડિયામાં ૮૦૫ ખાડા પૂરવામાં આવ્યા હતા. કોર્ટે આ મહિનામાં પેચવર્કનું કામ પૂર્ણ કરીને, રસ્તાઓને મેઈન્ટેન રાખવા સૂચન કર્યું હતું.કોર્ટે કહ્યું હતું કે, અમદાવાદમાં હજુ પણ હેલ્મેટના નિયમનું અમલીકરણ દેખાતું નથી. અરજદારે જણાવ્યું હતું કે, એક સમાચાર સંસ્થાના એહવાલ મુજબ હેલ્મેટ ના પહેરવા બદલ પહેલા ૧ હજાર રૂપિયા દંડ હતો જેને ઘટાડીને ૫૦૦ રૂપિયા કરાયો અને હવે માત્ર ૧૦૦ રૂપિયા દંડ કરાયો છે. જો કે, એડવોકેટ જનરલે જણાવ્યું હતું કે, કોર્ટમાં હાજર સક્ષમ અધિકારી કહી રહ્યા છે કે, ૫૦૦ રૂપિયા જ દંડ છે. હવે ઓથોરિટીએ હેલ્મેટ નહીં પહેરનાર લોકોને દંડની રકમમાંથી હેલ્મેટ વહેંચવાનું શરું કર્યું છે. તહેવારોની સીઝનમાં ઓથોરિટી આકરા પગલાં લઈ રહી નથી. ગરબા ગ્રાઉન્ડ બહાર પણ હેલ્મેટ વહેંચાય છે.કોર્ટે કહ્યું હતું કે, બીજા રાજ્યમાં ટ્રાફિક નિયમોનો કેવી રીતે અમલ થાય છે, તેનો અભ્યાસ કરો અને આઉટ ઓફ બોક્સ વિચારો. ઓથોરિટીએ જણાવ્યું હતું કે, ટ્રાફિક નિયમોનો સતત ભંગ કરનારા લોકોના લાઈસન્સ કેન્સલ કરવાની પ્રક્રિયા પણ હાથ ધરાઈ છે. રાજ્ય સરકાર જાહેર સાહસો અને મહાનગરપાલિકાઓના કર્મચારીઓને ફરજિયાત હેલ્મેટ પહેરવા સર્ક્યુલર કરશે. હેલ્મેટ નહીં પહેરતા લોકોને હેલ્મેટ અપાતા તેમને પણ શરમ આવશે. કોર્ટે કહ્યું હતું કે, અમલવારી કરાવવાનું કામ સરકારનું જ છે, કોર્ટ રસ્તા ઉપર જઈને ટ્રાફિક નિયમોનો અમલ કરાવી શકે નહી.ઉપરાંત ટ્રાફિક વિભાગમાં ખાલી જગ્યાઓ અંગે સરકાર આગામી ૨૫ ઓક્ટોબરની સુનવણીમાં જવાબ રજૂ કરશે. અરજદારે જણાવ્યું હતું કે, અકસ્માતનું મુખ્ય કારણ રોડના તિર્વ વળાંકો પણ છે. જે સંદર્ભે ઓથોરિટીએ જણાવ્યું હતું કે, કોર્ટના સૂચન મુજબ એક એક્સપર્ટ કમિટી અને મોનિટરિંગ કમિટી બનશે. ચીફ જજે એડવોકેટ જનરલને જણાવ્યું હતું કે, તેમના સહકર્મીના સગા પાસેથી ટ્રાફિક નિયમના ભંગ બદલ પૈસા લીધા અને ચલાન ના આપ્યું, એટલે ચલાનમાં ટેક્નોલોજીનો ઉપયોગ જરૂરી છે. કેમેરા ફક્ત મુખ્ય જંક્શન ઉપર નહી, દરેક રોડ ઉપર હોવા જોઈએ.કોર્ટ મિત્રે જણાવ્યું હતું કે, યુવા વકીલો અને સ્વયંસેવકોએ પેચવર્કની તપાસ કરી કેટલીક જગ્યાએ કામ થયું છે. પરંતુ પેચવર્કની ક્વોલિટી ઉપર કામ કરવાની જરૂર છે. ઓથોરિટીએ જણાવ્યું હતું કે, ખાડાના પરિમાણ અને પ્રકાર મુજબ રિપેરિંગ કામ થાય છે. કોર્ટે કહ્યું હતું કે, યોગ્ય સંશાધનોના અભાવ માટે ફક્ત અધિકારીઓની ઉદાસીનતા નહી પણ લોકો પણ ઉદાસીન છે. તેઓ ઓથોરિટીને ફરિયાદ કરતા નથી. વળી, રોજ સમાચારમાં હેલ્મેટના નિયમ અંગે જણાવવામાં આવે છે, પણ હેલ્મેટ કોઈ પહેરતું નથી. આ અરજી ઉપર વધુ સુનાવણી ૨૫ ઓક્ટોબરે હાથ ધરાશે.

## ફ્રીડમ સંસ્થા દ્વારા ગરબા મહોત્સવ ઉજવવામાં આવ્યો અને બાળકોમનમૂકીને ઝુમ્યાં



ન્યુ વે એજયુકેશનલ એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ સંચાલિત ફ્રીડમ ડે કેર સેન્ટર ધોળકા દ્વારા ગરબા મહોત્સવનું આયોજન તા -૦૯/૧૦/૨૦૨૪ ને બુધવારનાં રોજ સાંજે ૪ થી ૭ સરદાર પટેલ કોમ્યુનિટી હોલ મીઠીકૂઈ ધોળકા મુકામે કરવામાં આવ્યું.જેમાં ધોળકા નગર પાલિકા પ્રમુખ શ્રી અશોકભાઈ મકવાણા, ધોળકા નગર પાલિકા ચીફ ઓફિસર શ્રી જતીનભાઈ મેહતા, ધોળકા નગર પાલિકા કાઉન્સિલર શ્રી સાકીરભાઈ મલેક, ધોળકા નગર પાલિકા પૂર્વ પ્રમૂખ શ્રી હરીશભાઈ પરમાર, સંસ્થા પ્રમૂખ શ્રી ભાવિન પરમાર તથા સ્ટાફ દ્વારા બાળકો સાથે આરતી કરવામાં આવી હતી,ઉપસ્થિત મહેમાનોનું બાળકો તથા સ્ટાફે બૂકે આપી શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. દરેક બાળકો તથા વાલીએ તથા સ્ટાફે યોજાયેલ ગરબામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ માં ની આરાધના કરી અને ખૂબ આનંદ ઉલ્લાસ સાથે ગરબાના તાલે ઝૂમી રહ્યાં હતાં. ધોળકા નગર પાલિકા દ્વારા સરદાર પટેલ કોમ્યુનિટી હોલ વિનામુલ્યે આપવામાં આવ્યો હતો શ્રી જતીનભાઈ મેહતા તથા સાકીરભાઈ મલેક દ્વારા દરેક બાળકોને ગીફ્ટ આપવામાં આવી હતી.

કાર્યક્રમના અંતે પ્રમુખ શ્રી ભાવિન પરમાર દ્વારા ઉપસ્થિત મહેમાન શ્રીનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

## વિકાસ સપ્તાહ અંતર્ગત પ્રભારી મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતના હસ્તે રૂ.૪૧ કરોડના ૧૩૬ વિકાસ કાર્યોનું ખાતમુહુર્ત/લોકાર્પણ

વડાપ્રધાનશ્રી અને ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ, ગુજરાત રાજયના ૧૪મા મુખ્યમંત્રી તરીકે તા.૭ ઓક્ટોબર, ૨૦૦૧ના દિવસે શપથ લઈને રાજ્યની વિકાસ યાત્રાની કરવટ બદલી હતી. તેમના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતની વર્ષ-૨૦૦૧ થી વર્ષ-૨૦૨૪ સુધીની ૨૩ વર્ષની સર્વગ્રાહી વૈશ્વિક વિકાસ યાત્રાની સફળતાની ગાથામાં નાગરિકોને જોડી ઓકટોબર-૨૦૨૪ની તા. ૦૭ થી તા.૧૫ દરમિયાન "વિકાસ સપ્તાહ" ઉજવણીનું આયોજન રાજ્યની સાથે બનાસકાંઠા જિલ્લામાં પણ કરાયું છે.

થરાદના મલુપુર ખાતેથી આજરોજ બનાસકાંઠા જિલ્લાના પ્રભારી અને કેબિનેટ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં જિલ્લાના કુલ રૂ. ૪૧.૫ કરોડના ૧૩૬ વિકાસના કાર્યોનું ખાતમુર્હુત અને લોકાર્પણ કરાયું હતું. જેમાં રૂ.૩૧.૩૧ કરોડના કુલ ૫૩ કામોનું ખાતમુર્હુત તેમજ રૂ.૧૦.૧૯ કરોડના કુલ ૮૩ કામોનું લોકાર્પણ કરાયું હતું. આ વિકાસ કાર્યોમાં નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ, માર્ગ અને મકાન પંચાયત, જેટકો વગેરેનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં કેબિનેટ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ છેલ્લા ૨૩ વર્ષોમાં ગુજરાત અને દેશના વિકાસ માટે એકપણ દિવસ રજા લીધી નથી. સરકારે માતબર રકમનું બજેટ જાહેર કરીને લોકોની સુખાકારીની હર હંમેશા ચિંતા કરી છે. ગુજરાતના પ્રત્યેક વ્યક્તિની માથાદીઠ આવકમાં વધારો થયો છે. સરકારના પ્રયત્નોથી ૬૨ લાખ હેક્ટર જમીનમાં બારેમાસ ખેતી થઈ રહી છે. ગુજરાતના ૧૮ હજાર ગામડાઓમાં ૨૪ કલાક વીજળી મળી છે. આજે નર્મદાના નીર છેવાડાના વિસ્તારમાં પહોંચ્યા છે. આરોગ્ય, શિક્ષણ, રોડ રસ્તાઓ, વીજળી સહિતના અનેકવિધ વિકાસના કાર્યો છેલ્લા ૨૩ વર્ષમાં થયા છે. તેમણે ગુજરાત રાજ્ય સહીત કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ પ્રજાલક્ષી થયેલા વિકાસ કાર્યોથી લોકોને અવગત કરવામાં હતા. વાઈબ્રન્ટ ગુજરાતનું મોડલ દેશના અન્ય રાજ્યોએ પણ અપનાવ્યું છે. થરાદમાં જી.આઈ.ડી.સી બનશે જેના થકી આર્થિક ઉન્નતિ થશે.




આ કાર્યક્રમમાં વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી વેબ કાસ્ટથી જોડાઈને જણાવ્યું હતું કે, બનાસકાંઠા જિલ્લાની છેલ્લા ૨૩ વર્ષમાં કાયાપલટ થઈ છે.

## "વિકાસ સપ્તાહ" ઉજવણી અંતર્ગત બોટાદ જિલ્લા કલેક્ટરશ્રીએ આદર્શ શૈક્ષણિક સંકુલના વિદ્યાર્થીઓ સાથે વિકાસ સંવાદ સાધ્યો

વડાપ્રધાનશ્રી અને ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ, ગુજરાત રાજયના ૧૪મા મુખ્યમંત્રી તરીકે તા.૭ ઓક્ટોબર, ૨૦૦૧ના દિવસે શપથ લઈને રાજયની વિકાસ યાત્રાની કરવટ બદલી હતી. તેમના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતની વર્ષ-૨૦૦૧થી વર્ષ-૨૦૨૪ સુધીની ૨૩ વર્ષની સર્વગ્રાહી વૈશ્વિક વિકાસ યાત્રાની સફળતાની ગાથામાં નાગરિકોને જોડી ઓકટોબર-૨૦૨૪ની તા. ૦૭ થી તા.૧૫ દરમિયાન "વિકાસ સપ્તાહ" ઉજવણીનું આયોજન રાજ્યની સાથે જે અંતર્ગત બોટાદ જિલ્લા કલેક્ટરશ્રી ડો. જીન્સી રોયએ આદર્શ શૈક્ષણિક સંકુલના વિદ્યાર્થીઓ સાથે વિકાસ સંવાદ સાધ્યો હતો. વિદ્યાર્થીઓએ કલેક્ટરશ્રી સાથેના માહિતીસભર સંવાદ બદલ ખુશી વ્યક્ત કરી હતી. આ તકે નાયબ કલેક્ટરશ્રી પાંડોર સહિતના અધિકારીશ્રીઓ, વિદ્યાર્થીઓ તેમજ આદર્શ શૈક્ષણિક સંકુલના કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## રતન ટાટાના ઉત્તરાધિકારીનું નામ જાહેર, સાવકા ભાઈ નોએલ ટાટા ટ્રસ્ટના નવા ચેરમેન

રતન ટાટાનું ૮૬ વર્ષની વયે નિધન થઈ ગયું હતું. જેના બાદ ટાટા ટ્રસ્ટના નવા ચેરમેન કોણ બનશે તેને લઈને આશંકાઓ પર પૂર્ણ વિરામ મૂકાઈ ગયો છે. ટાટા ટ્રસ્ટની બેઠકમાં લેવાયેલા નિર્ણય અનુસાર નોએલ ટાટા નવા ચેરમેન બનશે. ઉલ્લેખનીય છે કે રતન ટાટાના નિધન બાદ ટાટા ટ્રસ્ટના ઉત્તરાધિકારી તરીકે કોની નિમણૂક કરવી તે અંગે આજે મુંબઈમાં એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જ સર્વાનુમતે નોએલ ટાટાની નિમણૂકનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે રતન ટાટાનું નિધન ૯ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ થયું હતું. તેમના અંતિમ સંસ્કાર મુંબઈમાં જ કરાયા હતા. રતન ટાટાના નિધન બાદ આજે મુંબઈમાં એક બેઠક યોજાઈ હતી, જેમાં



સૌની સહમતિથી આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ અંતર્ગત નોએલને ટાટા ગ્રુપની બે સૌથી મહત્વપૂર્ણ ચેરિટેબલ સંસ્થાઓ સર રતન ટાટા ટ્રસ્ટ અને સર દોરાબજી ટાટા ટ્રસ્ટના વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

## તંત્રી સ્થાનેથી..

# રૂપિયો અમેરિકન ડોલર સામે તૂટી રેકોર્ડ તળિયે

ભારતીય રૂપિયો આજે અમેરિકી ડોલર સામે ૭ પૈસાથી વધુ તૂટી ૮૪.૦૫ના રેકોર્ડ તળિયે પહોંચ્યો છે. છેલ્લા બે સપ્તાહમાં આરબીઆઈની દખલગીરીથી ડોલર સામે રૂપિયાનું સ્તર જાળવી રાખવામાં આવતા તે ૮૩.૫૦ પર સ્થિર થયો હતો. પરંતુ ક્રૂડના વધતા ભાવો અને વિદેશી રોકાણકારોની મોટાપાયે વેચવાલીના કારણે અંતે ડોલર સામે ૮૪નું લેવલ ક્રોસ કરી ઓલટાઈમ લો થયો હતો.

મધ્ય-પૂર્વમાં જિઓ-પોલિટિકલ ક્રાઈસિસના કારણે ક્રૂડના ભાવો આસમાને પહોંચતાં રૂપિયો નબળો પડ્યો છે. બ્રેન્ટ ક્રૂડ ઓક્ટોબરના પ્રથમ ૧૦ દિવસમાં જ ૧૦ ટકાથી વધુ ઉછળ્યું હતું. ગઈકાલે પણ ૩.૫ ટકાથી વધુ ઉછળી ૭૯.૧ ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યું હતું. ઈરાન-ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલાં યુદ્ધના કારણે ક્રૂડ ઓઈલના પુરવઠો અને આયાત પર અસર થઈ છે. ભારતે ૨૦૨૩-૨૪માં ૧૩૮ અબજ ડોલરનું ક્રૂડ આયાત કર્યું હતું.વિદેશી રોકાણકારો ભારતીય ઈક્વિટી બજારમાંથી સતત વેચવાલી નોંધાવી રહ્યા છે. ઓક્ટોબરમાં અત્યારસુધીમાં એફઆઈઆઈએ રૂ. ૫૪૨૩૧.૯૦ કરોડની વેચવાલી નોંધાવી છે. જેની અસર પણ રૂપિયા પર થઈ છે. જિઓ-પોલિટિકલ ક્રાઈસિસના લીધે ફેડ વ્યાજના દરોમાં ઘટાડો કરવાનું હાલપૂરતુ સ્થગિત કરે તેવી અટકળો વચ્ચે વિદેશી રોકાણકારો ફંડ પાછું ખેંચી રહ્યા છે.આરબીઆઈ દ્વારા રૂપિયાનું સ્તર જાળવી રાખવા સતત પ્રયાસો થઈ રહ્યા છે. આરબીઆઈના ડેટા અનુસાર, ૨૭સપ્ટેમ્બર સુધી દેશની ફોરેક્સ રિઝર્વ વધી ૭૦૪.૯ અબજ ડોલરની રેકોર્ડ ટોચે પહોંચી હતી.

# તમામ કંપનીઓને કર્મચારીઓના પગારમાં ચાર રૂપિયાનો જંગી વધારો કરવાનો અનુરોધ!!

નોકરિયાતના જીવનમાં પહેલી તારીખનું મહત્વ દિવાળી, નાતાલ, ઈદ જેવું જ હોય છે..બલ્કે તેના કરતાં વધુ હોય છે.એક ફિલ્મમાં "આજ પહેલી તારીખ હે "નું ગીત છે .એક હીરોઇન નોકરીના કારણે પ્રિયતમના વિરહથી અકળાઇને કહે છે કે તેરી દો ટકિયો કી નૌકરી મેં લાખો કા સાવન જાયે!!પહેલી તારીખે બડા ખાના ( બડા ખાના એટલે સામિષ હોય છે. લશ્કરમાં આવી પાર્ટીને બડા ખાના કહે છે!)પહેલી તારીખે હોટલ સિનેમા જશે. પરિવારને રાજી કરશે. પાર્ટી શોપિંગ સૈર સપાટા કરશે.

કર્મચારીની પ્રકૃતિ મહિનાની તારીખથી લઈ છેલ્લી તારીખ દરમિયાન વિભિન્ન પ્રકારની હોય છે.પહેલી તારીખથી દસમી તારીખ સુધી કેપિટાલિસ્ટ કે મૂડીવાદી હોય છે. અગિયારમી થી વીસ તારીખ સુધી શાંતિમય સહ અસ્તિત્વ કે મિશ્ર અર્થતંત્ર જેવું હોય. અર્થાત્ ખાનગી અને સરકારી અર્થતંત્ર જેવી હાલત હોય! છેલ્લે એકવીસ થી ત્રીસ સુધી સામ્યવાદી- આતંકવાદી બની જાય છે. જેનું મળે,જે મળે તેનું છીનવી લે છે!!!

તમને મને અને સૌને પગાર તરીકે ચુકવણી કરવામાં આવે છે તેના માટે અંગ્રેજી ભાષામાં સેલરી શબ્દ વાપરવામાં આવે છે. તે શબ્દ સેલેરીયમ પરથી આવ્યો છે.એ શબ્દ લેટિન છે. તે જમાનામાં સેલરી, પગાર, વેતન,?આમદાની પેટે મીઠું ચુકવવામાં આવતું હતું. એ ધોરણે કલેક્ટરને પાંચ ક્વિન્ટલ, સચિવને દસ ક્વિન્ટલ અને ચીફ સેક્રેટરીને મહતમ પચ્ચીસ ક્વિન્ટલ મીઠું ચુકવો તો સરકારને દર મહિને કેટલા કરોડો રૂપિયાની બચત થાય( સામાન્ય વહીવટ વિભાગ- નાણા વિભાગ સંયુકતપણે લીડ લઈને પગાર તરીકે મીઠું ચુકવવાનો નિર્ણય લે તેવી અપેક્ષા છે!! કર્મચારી મીઠા તરીકે રિફાઈન્ડ, ફોર્ટીફાઈડ, વડાગરા, સિંધવ, સિંધાલૂણમાંથી ગમે તેની સ્વ રૂચિ અનુસાર પસંદગી કરી શકે તેવો વિકલ્પ આપવો!)કર્મચારીઓ માનવ કોમ્પ્યુટર શંકુતલાદેવીની મીની આવૃત્તિ જેવા હોય છે!! વર્તમાન પત્રમાં જથ્થાબંધ ભાવાંક-ફુગાવાની વિગતો પ્રકાશિત થાય. એટલે મોંઘવારી ભથ્થું કેટલા ટકા વધશે, કેટલું એરિયર્સ મળશે, તેમાંથી શું ખરીદવું ,કયાં જવું કેટલા દિવસ રહેવું, ડિલક્ષ હોટલમાં રહેવું કે ફાઈવ સ્ટાર હોટલમાં રહેવું, શોપિંગ કેટલી રકમ વાપરવી , વધુ એક સંતાન પ્રાપ્ત કરવું, દીકરાની સગાઈ ધામધૂમથી કરવી વગેરે મલ્ટી પરરઝ આયોજન કરે.પ્રમોશન મળે તો જાન્યુઆરીમાં ઈન્ક્રિમેન્ટ લેવું કે જુલાઈમાં ઈન્ક્રિમેન્ટ લેવું , આગળ પ્રમોશન ક્યારે મળશે તેનું પ્લાનિંગ કરશે!!!

પગાર વધારો કેટલો માંગવો તેના ધારા ધોરણ નથી . હાલ , મળતા પગાર જેટલો પગાર વધારો માંગવો કે ૫૦% પગાર વધારો માંગવો તે બાબતે યુનિયનના સભ્યોમાં મતમતાંતર રહે છે. આપણે રાણીનો હજીરો માંગીએ તેટલે મેનેજમેન્ટ તગારા જેટલો પગાર ન વધારે. તમે તોપની માંગણી કરો તો ચાંદલિયા ફોડવાની બંદૂક મળે તેમ સરકારી રીત રસમ કહે છે. બજેટમાં આવા ધૂમ ધડાકા હોય પછી સુરસુરીયા થઈ જાય!! બેંકોના યુનિયન સંઘ શક્તિને આધારે સરકારનું નાક દબાવી માંગણીઓ મંજૂર કરાવે છે. બેંકેનું કામકાજ તમામ શનિવારે ચાલુ રહેતું હતું. યુનિયને બીજા -ચોથા શનિવારની રજાઓ મંજૂર કરાવી . બેંકેના કર્મચારીઓ યુનિયન મારફતે સૌથી વધારે પગાર વધારો મંજૂર કરાવતા રહે છે!!કર્મચારીને મોંઘવારી ભથ્થા કે વાહન ભથ્થાંમાં વધારો થાય તો મહિને પાંચસોથી પાંચ હજારનો વધારો થાય. આના કરતા પણ વધારો થાય. જુના સમયના ભથ્થા જુઓ તો હાસ્યાસ્પદ લાગે. સાઈકલ વાપરનારને મહિને વીસ રૂપિયાનું માતબર સાઈકલ એલાઉન્સ મળે. રોજના રોજના ૬૬.૬૬ પૈસા મળે. એમાંથી એસ જી હાઈવે પર બંગલો ખરીદી શકાય અને રકમ વધે તો ચાર બંગડીવાળી -ઓડી કાર ખરીદ કરી શકાય. સરકાર કર્મચારીને ભથ્થા આપીને માથે ચડાવે છે!! આ કર્મચારી સરકારને માથે એક દિવસ છાણા થાપશે એ લખી રાખજો!!

મંત્રાલયમાં ફરજ બજાવનારને મહીને ત્રણસો રૂપિયાનું ખાસ એલાઉન્સ મળે. રોજના દસ રૂપિયા!! આટલો દરમાયો અનંત અંબાણી કે ઈશા અંબાણીને મળતો નહીં હોય. બંને જણા મુકેશભાઈને સરખામણીએ પૂરતો પગાર મળતો નથી તેવી ફરિયાદ કરતા હતા। તેમને સરકાર સમકક્ષ પગાર ન મળે તો રીજાઈન કરવાનું અલ્ટીમેટમ આપી દીધું છે. આખરે પાપી પેટનો સવાલ છે!!!

હમણા એક સરકારી ખાતર કંપનીનો પ્લાંટ ભરૂચ જીલ્લાના રહીદ ગામે ચાલે છે. આ કંપનીના ટીડીઆઈ પ્લાંટમાં આઉટ સોર્સિંગના કર્મચારીઓ કોનેટ્રેકટ પર છે. આ કર્મીઓએ નેવું રૂપિયા જેટલો અધધધ કહી શકાય તેટલા પગાર વધારાની માંગણી કરી .મેનેજમેન્ટે પગાર વધારવા ખાતરી આપેલી.મેનેજમેન્ટે અભૂતપૂર્વ ઉદારતા દર્શાવી. કર્મચારી તરફ સંવેદનશીલતા દાખવી. કદાચ મેનેજમેન્ટ ડબલ એન્જિન સરકાર જેવું હશે.,વિકસિત દેશોની જાયન્ટ કોર્પોરેટ પણ વધારી ન શકે તેવો પગાર વધારો મંજૂર કર્યો. જાનના જોખમે કામ કરતા કર્મચારીને ચાર રૂપિયા જેવો જંગી પગાર વધારો મંજૂર કરી દીધો. રૂપિયા ૪ નો વધારો થવાથી કર્મચારી વધારાની આવકનો ખર્ચ કરવાનું પ્લાનિંગ કરવા કન્સલટન્ટ રોકી દીધા છે!! એક-બે સ્વિસ બેંકમાં ખાતું ખોલાવવા સ્વિડન પહોંચી ગયા છે. એક બે જણાએ ટેકસ હેવન દેશોમાં શીફટ થવાની મનોમન તૈયારી કરી દીધી છે!! અડધાએ કપિલ સિબલ, મુકુલ રોહતગી, કે.કે વેણુગોપાલ જેવા મોંઘા વકીલની ફોજ હાયર કરી છે. જેથી સીબીઆઈ -ઈડી-એસીબી આવકના જાણીતા સ્ત્રોત તરતા અપ્રમાણસર મિલકતના કેસોમાં દરોડા પડે તો સાંગોપાંગ બચી શકાય!! આઈઆઈએમ જેવી સંસ્થા ખાતર કંપનીનો કેસ તેમા સ્ટુડન્ટને સ્ટડીક્સ તરીકે ભણાવવાનું વિચારી રહી છે. અરે આ કંપનીના એમડી હાવર્ડ, સ્ટેનફોર્ડ,,ઓકસફર્ડ યુનિવર્સિટીમાં લેકચર આપી રહ્યા છે જેમ લાલુપ્રસાદ રેલવેની સફળતા વિશે વ્યાખ્યાનો આપી રહ્યા હતા. આ કંપનીનો શેર સ્ટેકબજારમાં એવો ઊછળ્યો છે કે નીચે ઉતરતો નથી!!

વિશ્વની તમામ કંપની, પેઢી, સરકારને આહવાન છે કે કર્મચારી માંગણી કરે કે ન કરે તો પણ તમામ કર્મચારીના પગારમાં ચાર રૂપિયાનો પગાર વધારો મંજૂર કરે!! અરે, હવે મને જવા દો. હું મારી પગારની સ્લિપની ચકાસણી કરવી છે. મારા પગારમાં ચાર રૂપિયાનો વધારો થયો છે તે કેમ તે જોવું પડશે. વાંચકો તમારા પગારમાં ચાર રૂપિયાનો વધારો થયો કે નહી તેની ચકાસણી કરી લો!! નહીતર તમને કર્મચારી આલમ માફ નહીં કરે!!!

ભરત વૈષ્ણવ

## બોટાદ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીના અધ્યક્ષસ્થાને

# બોટાદની શ્રી વી. એમ. સાકરિયા મહિલા કોલેજ ખાતે "વિકાસ સપ્તાહ"ની ઉજવણી કરવામાં આવી






સરદાર વલ્લભભાઈ પટેલ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ બોટાદ સંચાલિત શ્રી વી. એમ. સાકરિયા મહિલા કોલેજ ખાતે વિકાસ સપ્તાહ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બોટાદ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી કે. એફ. બળોલિયાની પ્રેરક ઉપસ્થિતિ રહી, સાથે બોટાદ તાલુકા વિકાસ અધિકારીશ્રી એમ. એન. માંજરિયા સહિતના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કોમર્સ કોલેજના ઈન્ચાર્જ આચાર્ય જી. બી. રામાવત દ્વારા ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શ્રી તરુણાબેન દેવાણી એ નારી શકિત અને પ્રાકૃતિક ખેતી વિષયક વક્તવ્ય આપ્યું હતું. તેમજ અધ્યક્ષસ્થાનેથી બોટાદ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી કે.એફ. બળોલિયા દ્વારા કાર્યક્રમ અનુરૂપ વકતવ્ય આપવામાં આવ્યું હતું. જેમાં છેલ્લા ૨૩ વર્ષમાં ગુજરાતની વિકાસયાત્રાની ગાથા અંતર્ગત અલગ અલગ નવી યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં કોલેજના આચાર્યશ્રી, સ્ટાફ પરિવાર અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સુચારું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. હરપાલસિંહ વાળા દ્વારા કરવામાં આવ્યું હતું. અંતમાં કાર્યક્રમની આભારવિધિ બાદ એન.એસ.એસ ગાન સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો. સમગ્ર કાર્યક્રમ આર્ટસ કોલેજના આચાર્યા ડૉ.શારદાબેન પટેલ તેમજ કોમર્સ કૉલેજના ઇ.ચા. આચાર્ય જી.બી.રામાવતના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

# આદ્યશક્તિ જગદંબાની આરાધના સાથે એમ એસ બી શાળા નં ૨૪ બોટાદ ખાતે નવરાત્રિની ભવ્ય ઉજવણી





ન્યૂઝ ઓફ ગાંધીનગર: ભાવેશ પરમાર બોટાદ

શિક્ષણ સાથે બાળકોમાં સંસ્કાર,સંસ્કૃતિ અને તહેવારોનું મહત્વ સમજે તે હેતુ પિએમશ્રી એમ એસ બી શાળા નં ૨૪ બોટાદ ખાતે નવલા નોરતાની ભવ્ય ઉજવણી કરવામાં આવી.શાળાના તમામ બાળકો અને શિક્ષકો મધુર સંગીતના તાલે ગરબા રમ્યા હતા, સંસ્કૃતિ અનુરૂપ બાળકોએ પોષાક ધારણ કરી નવરાત્રી પર્વને રંગીન બનાવ્યું હતું..બાળકો દ્વારા માતાજીનો આરતી ઉતારી નવરાત્રી ઉજવણીનો પ્રારંભ કરવામાં આવેલ...ઉજવણીના અંતે નવરાત્રી અંતર્ગત શ્રેષ્ઠ બાળ ખેલૈયાઓને શાળા તરફથી ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. કાર્યક્રમમાં સ્વા.ગુરુકુળ બોટાદનાસંતશ્રી માધવસ્વામી,મહાસુખભાઈ દલવાડી,નીરવભાઈ દલવાડી જેવા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કરેલ.આવેલ મહાનુભાવોનું શાળાના આચાર્યશ્રી ભુમિકાબેન દ્વારા શાબ્દિક કરવામાં આવેલ તેમજ શાળાના શિક્ષકશ્રી રણજીતભાઈ ગોવાળિયા દ્વારા આભારવિધિ કરવામાં આવેલ.

# ભગવાનને શું અરજ ગુજારું?? કૃષ્ણ ભગવાન સોળ હજાર એકસો સાત યુવાનોના લગ્ન કરવાનો હક્ક ડુબાડી બેઠા છે !!!"રાજુ રદીનો સનસનીખેજ આરોપ !!

" મને સામે મળશે તો હું તેનો ટોટો પીસી નાંખીશ. હુ એનો ગળુ દબાવી દઈશ" રાજુ રદીએ રૌદ્રરૂપ ધારણ કર્યું. તેની આંખમાં ઉશ્કેરાટને લીધે લોહીના ટશિયા આવી ગયેલ. રાજુનો શ્વાસ ધમણની પેઠે ચાલતો હતો.રાજુ આવેગ,ઉશ્કેરાટ, ક્રોધ, ગુસ્સામાં રહે તો છાતીના પીંજરામાંથી આતમરૂપી હંસલો ઉડી જશે કે શું??આમ, તો રાજુ ભીરુ અને બીકણ સ્વભાવનું પ્રાણી છે!! આજે ધણિયાણી નહીં પક્ષ શુડ બી ધણી ધગી ગયો!! રાજુનું રૌદ્ર સ્વરૂપ જોઈ હું પણ હબક ખાઈ ગયો!!

" રાજુ. કોનો ટોટો પીસવાનો છે. રાજુ આવેગ અને આવેશથી કાંઈ એચિવ ન થાય! શાંતિ, સદભાવ અને સૌહાર્દ,સકારાત્મક અભિગમથી સમસ્યાનું સમાધાન થાય!!" મારા પંડમાં સાક્ષાત સાહેબ પ્રવેશ્યા કે શું? હું આવી સુફુ સુફુ વાત કરવા લાગ્યો !! સાહેબ આ રીતે જ રશિયા-યુક્રેનને યુધ્ધનો માર્ગ છોડી હુધ્ધનિ માર્ગે ચાલવા હાકલ કરેલ. પુતિન અને ઝેલેન્સ્કી તદન જડસુ જીવ છે.સાહેબની સોનેરી સલાહ માનવાના બદલે વિનાશના પંથે લડી રહ્યા છે( ભોગ એમના . !!)

" ગિરધરભાઇ . આવું અનિષ્ટ કેમ ચલાવી લેવાય??" હજુ રાજુનું બોયલર ગરમ હતું!

" રાજુ. ચા કે પાનના ગલ્લે ઉધારી ન ચુકવીએ તો પછી ઉધારીની નાદારીની ભાગીદારી કેટલા દિવસ ચાલે?? લેણદાર ઉઘરાણી કરે એટલે એનો હડિયો ભીંસી નાંખવાનો ? આ દેશમાં કાયદાનું રાજ ચાલે છે, બુલડોઝરનું નહીં!!"મેં રાજુને ઈષ્ટાનિષ્ટની સમજણ આપી!!

" ગિરધરભાઈ હું કોઈની ઉધારી બાકી રાખતો નથી. ગરીબ પાનવાળાને શું મારવાનો ? મારવો તો મીર મારવો ઝોલાછાપ ફકીરને આંગળી પણ શું કામ અડકાવવાની ?( કોઈ ભૂલેચૂકે ફાઈવ સ્ટાર નહીં પણ સાત કરોડ સ્ટાર ફકીરનો સહસંબંધ જોડવો નહીં. નહીંતર ધરતીકંપ કે બીજા કંપનની અમારી જવાબદારી રહેતી નથી!!)" રાજુએ સૈધ્ધાંતિક વાત રજૂ કરી!!

" રાજુ બખડજંતર ચેનલના માલિક બાબુલાલ બબુચક જીભે કડવો છે. પરંતું, દિલદાર છે. પગાર ભલે ન વધારે પણ પગાર ઘટાડતો નથી કે કોઈને નોકરીમાંથી લેઓફ આપતો નથી!! તેનો ટોટો પીસીને તને શું મળશે?? બિચારા પાંચ-છની નોકરી જશે!!" મે રાજુને સમજાવ્યો!!

" ગિરધરભાઇ . તમે મને ગાંડો માનો છો?? મારું ચસ્કી ગયેલ નથી. બાબુલાલ ઠંડી થઈ ગયેલી અડધી ચા, બુઝાઈ ગયેલ બીડી અને એકસપાયર થયેલ તમાકુ અનુદાર હાથે દાન આપે છે. બાબુલાલ અન્નદાતા છે. એને હું થોડો મારું?" રાજુ લાઈનમાં આવતો હતો!!

" રાજુ તને કયાં જોડો ડંખે છે એ તો કહે ??" મેં સમસ્યાના મૂળમાં જવા સવાલ પૂછ્યો!!

" ગિરધરભાઈ . લગ્ન કરવાની ઉંમર શું ?? કેચવીવાર લગ્ન કરવા જોઈએ?? આમાં કોઈ પ્રાયોરિટી કે લડધા, કાયમી વાંઢા માટે દુલ્હન અનામત ન રાખી શકાય??" હવે રાજુએ દુખતી નસ પર હાથ મુકયો. રાજુ લગ્ન માટે આખલા જેવા ધમરછાડા કરે છે. લગ્ન માટે લેસ્ટર, હરારે, ગૌહાતી, સિલોન અને નજીકમાં બોરીજ-પાલજ છોકરી જોઈ આવ્યો છે. તમામ છોકરી માટે રાજુના પક્ષે દોઢસો ટકા સંમતિ હોય છે. પણ સામેવાળા એક ટકો પણ મંડાતા નથી!!

" રાજુ . આ દેશમાં કાયદેસરના લગ્ન કરવા છોકરો એકવીસ વરસ અને છોકરી અઢાર વરસની હોવી જોઈએ. આસામ, રાજસ્થાન, મધ્યપ્રદેશ વગેરેમાં ઢગલાબંધ બાળ વિવાહ થાય છે. ઘણી જગ્યાએ પેટે ચાંદલા થાય છે!! છોકરો છોકરી જન્મ લે તે પહેલાં સંભાવના લગ્ન સંપન્ન થાય છે. છોકરી પચીસ વરસની થાય અને છોકરો પાંત્રીસનો થાય એટલે લગ્નાબ્દી ચુકી ગયો કહેવાય!! પછી જે કાંઈ હોય તે સમાધાન ,ધૂળ પર લીંપણ , તડજોડ કે જોડતડ હોય છે!!" મે રાજુના પ્રશ્નોનું સમાધાન કર્યું.

" ગિરધરભાઈ.લગ્ન એ લાકડાના લાડું છે એવું કહેવાય છે. લોકો એકવાર દાંત ભાંગવા લગ્ન કરે . મને કોઈ વાંધો નથી!! પરંતું , સનાતન ધર્મી થઈ મર્યાદા પુરૂષોતમ રામનું એકપત્નીત્વ સિધ્ધાંતનું પાલન કરે ત્યારે ગુસ્સો આવે છે. તમે એકથી વધુ લગ્ન કરો એટલે છોકરીના પુરવઠા અને છોકરીની માંગમાં અસંતુલન થાય. છોકરા કરતા છોકરીનો અનુપાત ઓછો છે!! આમ, દુકાળમાં અધિક માસ જેવું થાય છે. લોકો એકથી વધુ લગ્ન કરે એટલે અમારી જેવા લાચાર લડધા લબડી જાય છે!!" રાજુએ અસામાજિક વિષમતા અંગે વિષવમન કર્યું!!

"રાજુ. એક કિસ્સો છે. સિતેર વરસનો ડેવિડ કેલિફોર્નિયા રહેતો હતો. અઠાવીસ વરસની જેક ફિલિપીની હતી! બંનેનો ડેટિંગ સાઈટ મારફત ૨૦૧૬ માં પરિચયમાં આવ્યા . ટીનેજરની જેમ ચેટીંગ કરવા લાગેલ.ડેવિડ પ્રેમમાં ઉંધેકાંધ પડેલો . જેકીને મળવા ફિલિપાઈન્સ ગયો!!ડેવિડ વારંવાર જેકીને મળવા ફિલિપાઈન્સ જતો હતો. છેલ્લે ૨૦૧૮માં જેક અને ડેવિડ લગ્ન કરીને કેલિફોર્નિયા શીફટ થઈ ગયા. જેકીએ તેની ઉંમરની છોકરાને બદલે ખખડી ગયેલ ખટારા એવા સિતેર વર્ષીય ડેવિડ સાથે પૈસા માટે લગ્ન કર્યા ઝેન સોશિયલ મિડીયા પર તેને ટ્રોલ કરવામાં આવે છે!!ડેવિડ જેવાના લીધે પાકટ પપૈયા જેવા પાકાપચ પાકા કુંવારા લગ્ન કર્યા સિવાય રહી જાય છે! "મે રાજુની વેદનાને વળ ચડાવ્યો!!

" ગિરધરભાઈ. આવા લોકોને લીધે અમે લગ્ન કરવા માટે બધી રીતે લાયક હોવા છતાં હાથ મસળતા રહી જઈએ છીએ!!" રાજુએ માત્ર રોવાનું બાકી રાખ્યું!!

" હઅમ્ હઅમ્ . રાજુ તારી વાત વિચારવી જેવી ખરી??મધ્યપ્રદેશના ગ્વાલિયરના સોફટવેર એનિજિનિયરે ૨૦૨૮માં એક લગ્ન કર્યા . પછી ૨૦૨૧ ની સાલમાં ખુદ ગબ્બર પરણીત છે અને પુત્ર હોવાની જાણ કર્યા સિવાય બીજી યુવતી સાથે લગ્ન કર્યા. બીજી પત્નીથી દીકરી જન્મી. બીજી પત્ની તેની કંપનીમાં નોકરી કરતી હતી. બીજા લગ્ને લીધે પહેલી પત્નીને ગુરૂગ્રામ લઈ જવા પતિ આનાકાની કરતો હતો!!! પહેલી પત્નીએ ફેમિલી કોર્ટમાં કેસ કર્યો. બંને પત્ની પતિને છોડવા તૈયાર ન હોવાથી જજે કોર્ટ બહાર સમાધાન કરવા સૂચવ્યું!! સમાધાનની ફોર્મ્યુલા મુજબ સોમથી બુધ પતિએ પહેલી પત્ની અને ગુરૂથી શનિ બીજી પત્ની સાથે રહેવાનું નક્કી થયું. આમ ગોરધન માટે બંને હાથમાં લાડવા રહ્યા . જો કે રવિવાર ખાલી છે. હવે બે હાથમાં ત્રણ લાડવા રહે તેવી સંભાવનાનો ઈન્કાર કરી શકાય નહીં!!" મે। એક રસપ્રદ કિસ્સો શેર કર્યો!!

"ગિરધરભાઇ. રૂપર્ટ મર્ડોક મિડીયા કિંગ છે. કરોડા ડોલરમાં આળોટે છે. નેવું વરસની ઉંમર છે. ચાર લગ્ન કરી ખતા ખાધી છે.પરંતું, સાન ઠેકાણે આવી નથી.રૂપર્ટ મર્ડોકના બેને પગ કબરમાં છે. છતાં પાંચમી વાર ગધેડે ચડવા થનગની રહ્યા છે!! નેવું વરસે ચર્ચમાં જઈ પરમ પિતા ઈશુનુ ભજન કરવાનું હોય કે લગ્ને લગ્ને કુંવારા થઈ લાડી લાવવાની હોય. આવી ભાંગી ભાંગી હોય તોય ભરૂચ જેવી ઈમારતોને લીધે લગ્નના બજારમાં અમારા ભાવ ગગડી જાય છે!!"રાજુએ હૈયાવરાળ કાઢી. ધુંવા જલે, ધુંવા જલે ગીત જેવું છે!!

"રાજુ મને તારા સિમ્પેથી છે!!" મેં રાજુની પીઠ પસવારી આશ્વાસન આપ્યું.

" ગિરધરભાઈ.કેન્યા દેશના રાજા સોલોમન થઈ ગયા. એમનો એક હોબી હતો. લગ્ન કરી રાણીઓ એકત્ર કરવાનો!! સોલોમનનું નામ સાતસો લગ્ન કરવા માટે કુખ્યાત છે!સાતસો પત્ની ઉપરાંત ૩૦૦ દાસી હતી. એટલે કે, ૧ હજાર પત્નીઓ.ત્રણ વરસે એક રાણીનો વારો આવે!!કેન્યામાં ડેવિડ સકાયો કરીને એક મહાશય છે. કહે છે કે તેનું મન પણ કિંગ સોલોમનની જેમ ખૂબ જ ઝડપથી ચાલે છે. તેથી, એક પત્ની તેને સંચાલિત કરવા માટે પૂરતી નથી. મનનો ભાર ઓછો થાય તે માટે તેઓએ ૧૫ લગ્ન કર્યા છે. ડેવિડ એ પણ કહે છે કે જો તેની ૨૦ પત્નીઓ હોય તો પણ તેને કોઈ સમસ્યા ન હોત. આ પંદર પત્નીએ ૧૦૭ બાળકોની ભેટ આપી છે. હું એક પત્ની માટે તલસુ છું !!" રાજુ આજે પૂરતા દારૂગોળા સાથે આવેલો. લગ્નના સ્ત્રી પાત્ર ન હોવાના લીધે

આભાર - નિહારીકા રવિયા ચીનમાં સાડા ત્રણ કરોડ ડોસા કુંવારા મરશે અને લીલ પરણાવી પડશે તેવું કહેવાય છે!!

" એમ રાજુ?? મે આશ્ચર્ય વ્યક્ત કર્યું!!

" ગિરધરભાઈ હમણા પેટમાં ઉકળતું તેલ રેડાય તેવું બન્યું .યુગાન્ડાના એક પારંપરિક તબીબ છે. તેનું નામ હબીબ અનસિકોન છે. તેની ઉંમર ૪૩ વરસ છે.તે યુગાન્ડા (યુગાન્ડા એટલે તમે ગાન્ડા એમ નહીં સમજવાનું . સનકી સરમુખત્યાર ઈદી અમીન યુગાન્ડાનો ક્રૂરતમ શાસક હતો!!)કંમ્પાલા શહેરમાં રહે છે. એ યુગાન્ડાનો ધૃતરાષ્ટ્ર છે. ના ભાઈ ના !! એ જન્માંધ નથી. કોડા જેવી આંખ છે. તેને ધૃતરાષ્ટ્ર સમકક્ષ થવાના ધખારા છે. તેને માત્ર સો સંતાનોના પિતા થવાના ધખારા છે. ધૃતરાષ્ટ્રને એક જ રાણી હતી. પતિ અંધ હોવાથી ગાંધારી પણ કાયદાની દેવીની જેમ આંખે પટી બાંધી સ્વૈચ્છિકાંધ બનેલ. ધૃતરાષ્ટ્રને સો પુત્રો હતા . હબીબની ખ્વાહિશ સો પુત્રોના અબ્બા થવાની છે!!હબીબે ઈચ્છાપૂર્તિ માટે માત્ર સાત સ્ત્રી સાથે એક મંડપમાં લગ્ન કર્યા!!લગ્ન બાદ રિસેપ્શન પણ ગોઠવ્યું . દરેકને કાર ભેટ આપી!હબીબને પહેલાં ચાર પત્ની હતી હવે સાત ઉમેરાતા પત્નીની અનોખી ઈલેવન ખડી થઈ ગઈ છે!! હવે હબીબ માટે જોઈ શુંરહ્યા છો?? સો પુત્રો માટે મંડી પડો અલ્લાહ તુમ્હારે સાથ હૈ!!" રાજુ હવે બળીને બાવળિયો કોલસો થઈ ગયેલ. બરનોલની આખી ફેકટરી લગાવો તો પણ ઠંડક ન થાય!!

"રાજુ . તારો પ્રશ્ન સંકુલ, ગહન, વિકટ, કઠિન, દુષ્કર છે. મૃત્યુલોકનો કાળા કે ઈવન ધોળા માથાનો માનવી તારી સમસ્યાનું નિવારણ કરી શકે તેમ નથી.તું હાજરીહજૂર પ્રભુને અરજ ગુજાર. ભગવાન દયા કરે તો તારી કુંવારપ ભાંગે!!!"મે રાજુને રસ્તો દેખાડ્યો!!

"ગિરધરભાઈ . હું ભગવાનને શું અરજ ગુજારું?? કૃષ્ણ ભગવાન સોળ હજાર એકસો સાત યુવાનોના લગ્ન કરવાનો હક્ક ડુબાડી સોળ હજાર એકસો સાત રાણીઓ ગપચાવીને બેઠા છે!!"રાજુએ ભડાશ કાઢી!! મારા મોઢે ગોકુળ બ્રાંડ તાળા લાગી ગયા!!

ભરત વૈષ્ણવ

ન્યુઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




### NOG.SS No. 213
વિષય :- 'દશેરા, રાવણ દહન, શસ્ત્ર પૂજા'
પ્રકાર :- પદ્ય (ગેય ગીત)
શીર્ષક :- 'અવધમાં શ્રી રામ પધાર્યા (શબ્દો :- ૧૩૭)

અવધપુરી ને સરિયુને તિરે, શ્યામ વરણની ઝાંખી રે.
ધીરે ધીરે રવિ ઉગ્યો, ને રાહ જુવે નર-નારી રે.

ચૌદ વરસની અવધિ પૂરી થઈ, ક્યારે પધારે શ્રી રામ રે,
રામ નામની તૃપ્તિ લેતા, ભવ સાગર તરી જાયે રે,

ઋતુ શરદના પૂષ્પો ખીલીને, સ્વાગત ભાવે ડોલે રે,
સરિયુના નીર તો થંભી વહે છે, ક્યારે પધારે શ્રીરામ રે.

દશરથ મહેલે રાહ જુએ છે, કૌશલ્યા આદી રાણી રે.
મંદ પવનની લહેરોં સાથે, શુભ સંદેશો લાવે રે.

દશમી તિથી આસો માસ પ્રકાશે, મધ્ય દિવસ ઋતુરાણી રે,
પુષ્પક વિમાન ગગને દેખી, જય જય શ્રી રામ બોલે રે.

અસત્ય પર સત્ય વિજયને, વિશ્વ સારું વધાવે રે,
આકાશે દેવો પુષ્પ વરસાવે, અવધમાં આનંદ પ્રગટ્યો રે.

ઘર ઘર સૌ કોઈ દીપ જલાવો, આંગણે સાથિયા પૂરો રે.
સાચા 'સ્વજન' મારા રામ પધારે, પ્રેમે આરતી ઉતારો રે.
અવધપુરી ને સરિયુને તિરે શ્યામ વરણની ઝાંખી રે.

શ્રી યોગેશભાઈ પંડયા 'સ્વજન' જૂનાગઢ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG. SS No: 194
વિષય : દશેરા,રાવણ દહન,શસ્ત્ર પૂજા
શીર્ષક : રાવણ દહનની સાર્થકતા.
પ્રકાર : પદ્ય, શબ્દ : ૧૯૨

"પ્રચંડ જ્ઞાની, અતુલ્ય શિવભક્ત, હા,..એ જ.. 'દશાનન' ત્રિલોક વિજયી, ને ભારે અભિમાની,
હતી એની પાસે જ્ઞાન વિજ્ઞાનની અમોઘ જાણકારી, સીતા હરણની ભૂલે એણે જીવ ખોયો બની ગુમાની.

બ્રાહ્મણના તેજ અને અસુરી શક્તિઓના જ્ઞાનથી, પડાવીતી લંકા એણે જીદથી ભાઈની,
માયાવી શક્તિઓના પ્રભાવથી, સુવર્ણમય લંકાના 'લંકેશ'થી,જમાવીતી ધાક સમગ્ર સૃષ્ટિમા પોતાના પ્રભાવથી.

માનવ અને વાનરને તુચ્છ ગણી,અમરત્વનું મેળવ્યું વરદાન, તીવ્ર શિવસાધના કરી હઠાગ્રહથી,
હણવા અસુરોને ધરા પર લીધો 'શ્રીહરિએ'
"શ્રીરામ" તરીકે અવતાર,આપણા શાસ્ત્રોમાં એની છે ઘણી ગાથા વર્ણવાયેલી.

પાપનો ઘડો ભરાતા દશાનનની મતી વિધાતાએજ ફેરવી..એ વાત શાસ્ત્રો દ્વારા સમાજમાં ફેલાયેલી,
સહોદરના વચનથી થઈ આતંકીત, માયાવી શક્તિથી દેવી જાનકીના હરણની એનામા કુબુદ્ધિ તેથીજતો આવેલી.

રામ ભક્ત હનુમાન,વાનર અને રીંછની ટોળીઓ રચિત પથ્થરના પુલ ઉપર થઈ, યાત્રા આરંભાયેલી,
સમગ્ર સૃષ્ટિએ,દેવોએ પોતાનું શ્રેષ્ઠ શ્રીરામને અર્પી રાવણવધની અનિવાર્યતાને સૌએ પ્રાર્થેલી.

રામ અને રાવણ વચ્ચેના ભીષણ યુદ્ધથી , ત્રિભુવનમાં ભય અને આતંકની હવા ફેલાયેલી,
દસમા દિવસે પ્રભુ શ્રીરામના શસ્ત્રવડે થયેલું રાવણનું નાભીસંધાન.. એના મોક્ષ રુપી મૃત્યુની કામનાની પૂર્ણતા પામેલી.

આ જીતની યાદમાં સૌ જનો 'રાવણ દહન' કરી ઉજવે 'વિજ્યા દશમી'.. જે ઉત્સવમાં ઉમેરાયેલી,
રામ અને રાવણ છે આપણા જ મનમાં વસેલા, તો અવગુણો રૂપી દૈત્યને હણી શકીએ તેમાંજ 'રાવણદહન' ની સાર્થકતા મારે મન સ્વીકારાયેલી."

??..ખ્યાતિ જીગર દેસાઈ. ( અમદાવાદ).

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS NO 184
વિષય :-"દશેરા,રાવણ દહન, શસ્ત્ર પૂજા''
શીર્ષક :- દશેરા છે 'હર્ષ'વાર.
પ્રકાર :-પધ - શબ્દ :-૮૬
આવી ગયો દશેરા, આપણી ખુશીનો તહેવાર;
બુરાઈ પર સારાઈની જીતનો સંદેશ આપે વારંવાર.

લંકાપતિ રાવણનું દહન, પ્રભુ શ્રીરામનો વિજય;
સદાચારની આ જીત, અધર્મનો નાશ અપરંપાર.

દશેરાની સાંજ, દશાનન રાજા રાવણનું દહન,
અનિષ્ટનો અંત, ધર્મની જીતનું પ્રતિક આરપાર.

નૃત્ય સાથે ગીત સંગીત સંગ લોકો લેતા આનંદ,
દશેરાની સૌ કોઈને શુભકામનાઓ છે પારાવાર.

સાથે મળી કરીએ 'પરખ' દશેરાની ઉજવણીમાં,
રઘુનંદનની જીત એ સનાતની વિજયનો 'હર્ષ'વાર.

હસમુખ બી. પટેલ 'હર્ષ'-'પરખ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG.SS. No:-354
વિષય:- દશેરા/ રાવણ દહન
શીર્ષક:- એક પ્રશ્ન
શબ્દ સંખ્યા:- ૯૫ પ્રકાર:- પદ્ય
-------------
રાવણને તો બાળી દીધો, મનાવી લીધો વિજયા દશમી નો તહેવાર
જો બાળી શકો પોતાના અવગુણોને તો જ ઉત્સવ યથાર્થ.

વિદ્વાન હતો, જ્ઞાની હતો, હતો ભારે બળવાન ,
સમજ્યો નહીં કોઈથી પણ એ માનવ નહીં શેતાન .

ગુણ પર ભારી પડ્યાં અવગુણ અને જ્ઞાન પર ભારી પડ્યો અહંકાર ,
ત્રિકાળ જ્ઞાનીને આવ્યું મનોમન અભિમાન .

સતીને જોઈને એની મતિ ગઈ મારી ,
એ દશાનને જ ખુદ આફતને લંકામાં બોલાવી .

વિભીષણ અને મંદોદરીનાં સૌ વ્યર્થ ગયા પ્રયાસ ,
મદનો ભરેલો ક્યાંથી સમજે, હતો ઘણો અહંકાર.

માર્યો ગયો એ પ્રભુનાં હાથે, કર્યો જીવનનો ઉદ્ધાર ,
મૃત્યુ પછી પણ બળતો જ રહે, જુઓ કેવો એ લાચાર!

બાળી રાવણનાં પૂતળાને માનવ મન હરખાય
કામ, ક્રોધ, મદ, મોહને કઈ અગ્નિમાં બળાય?

રેશ્મા પટેલ "રેશમ". સુરત

દ્રંટ જીજી દ્ર ૦૦૮૯
વિષય : દશેરા રાવણ દહન શસ્ત્ર પૂજા
મથાળું —- અનેરો ઉલ્લાસ
પ્રકાર : ગદ્ય. પ્રવિણા કડકિઆ

દશેરાના દિવસનું પ્રાધાન્ય અનેરું છે. નવલી રાતનાં નવરાત્રી પછીનો દિવસ ખૂબ ધામધૂમથી ઉજવાય છે. જે દશેરાના નામે પંકાય છે.

રાવણ વિદ્વાન બ્રાહ્મણ હતો. લંકા સોનાની તેના પર રાજ કરતો હતો. માનવીનું મન ક્યારે અવળચંડાઈ કરે તેનો ભરોસો નહી. જેને કારણે સદીઓથી દશેરાને દિવસે સળગી રહ્યો છે.

આ એ દિવસ છે જ્યારે સીતા માતાને અશોક વાટિકામાંથી મુક્ત કરી રાજા રામ તેમની સાથે પાછા ફર્યા હતા. તેમનું ભવ્ય સ્વાગત આનંદ અને ઉલ્લાસથી થયું . દશેરાનો મંગલ દિવસ અસત્યના પરાજય માટે દ્રષ્ટાંત રૂપ છે. અયોધયાની પરદાએ તેની ભવ્ય ઉજવણી કરી હતી.

હંમેશા પુણ્ય પાપ પર ભારી છે. સત્યમેવ જયતે
સદીઓથી ચાલી આવતી પ્રથા છે.

કૃષ્ણનું સુદર્શન ચક્ર , રામનું ધનુષ બાણ અને શંકરનું ત્રિશૂળ , આપણા દરેક ભગવાન હાથમાં શસ્ત્રથી શોભે છે. તેમની ઓળખાણની નિશાની છે.

શસ્ત્ર આપણું રક્ષણ કરવા માટે આવશ્યક છે. તેમની પૂજા એટલે અભયનું વરદાન ,સંકટના સમયમાં સ્વરક્ષણ કાજે તેમની આવશ્યકતાનો પરચો દેખાય છે.
આમ આપણી પરંપરા સદીઓથી ચાલી આવી છે. તેની ઉજવણી દબદબા ભેર થાય છે. નાના મોટા ગરીબ તવંગર સહુ પ્રેમે તેને ઉજવે છે.

### NOG SS NO : 181
વિષય : દશેરા/રાવણ દહન
શીર્ષક: "દૈવી આરધના"
પ્રકાર : પદ્ય શબ્દો :૧૩૨

નવ નવ દિવસના નોરતાને દસમે દિવસે દશેરા
માડીના ભક્તો કરે માઁની રાતદિવસ આરાધના

પહેલું નોરતું પૂજન કરીને, ઘટસ્થાપનાની વેળા
આરતી -થાળ કરીને ગાયે ગરબા, રમીએ રાસલીલા

બીજે નોરતે,બાજોટ પાથરી સજાવીએ સાથિયા
ઉંબરા પૂજી, દીપ કરીને દર્શનની કરીએ ઈચ્છા

ત્રીજું નોરતું નાચીએ મળીને, વાજીંત્રોના સથવારા
ભાતભાતના શણગારથી સજીએ,ફરીએ ગરબીના ફેરા

ચોથે નોરતે ચાંદલા કરી ચારે દિશામાં પાથરીએ અજવાળા
પાંચમે નોરતે પગલા પાડી, આવશે માઁ રુમઝુમતા
છઠે નોરતે છડી પોકારી, આવકારે માઁના પોયરા

સાતમે નોરતે શાંત હૃદયથી માઁના આવાહન કરતા
આઠમે નોરતે અભય વરદાન માટે કરતા વ્રતની ઉપાસના..

નવમે નોરતે નૈવેદ્ય કરી અને કન્યા પૂજા સહુ કરતા
દશમે દિવસે મહિષાસુરને વધ કર્યો સહુનું મંગલ કરવા

દશેરાના દિવસે રાવણને મારી રામના ડંકા ગુજતા
વિજય હંમેશાં સત્યનો રહશે, વિકારોને હણતા

નવ દિવસની ઉપાસના ,માડી કરજે સહુની રક્ષા
એમ કહે માઁ ભક્તો તારા સાદ આપી પોકારતા
કૌસુમી??

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SSN 370
વિષય : દશેરા રાવણ દહન શસ્ત્ર પૂજા
મથાળું —- શસ્ત્રપૂજન
પ્રકાર :- ગદ્ય. ચંદન સોલંકી " મહેક"

દશેરાના દિવસે આ શ્લોક સાથે શસ્ત્રપૂજા કરવામાં આવે છે.
આભાર - નિહારીકા રવિયા

પૌરાણિક કથા અનુસાર, જ્યારે મહીષાસુર નામના રાક્ષસે બધા જ દેવતાને હરાવી દીધા હતા, ત્યારે બધા જ દેવતા ભગવાન બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પાસે ગયા અને તેમણે પોતાના મુખથી એક તેજ પ્રગટ કર્યું, જે દેવીનું એક સ્વરૂપ બની ગયું. ત્યારબાદ દેવતાઓએ દેવીને તેમના દિવ્ય શસ્ત્રો પ્રદાન કર્યા અને આ જ શાસ્ત્રોની મદદથી દેવીએ મહીષાસુરનો વધ કર્યો. માનવામાં આવે છે કે આ તિથિ આસો મહિનાના શુક્લ પક્ષની દશમી તિથિ હતી. જેથી આ શુભ તિથિ પર શાસ્ત્રોની પૂજા કરવામ આવે છે.

સવારે સ્નાન કરીને એક જગ્યાએ બધા શસ્ત્રો વ્યવસ્થિત રીતે રાખી દો અને શસ્ત્રોની ઉપર પાણી છાંટીને પવિત્ર કરી દો. હવે બધા શસ્ત્રો પર નાળાછડી બાંધી દો. હવે શસ્ત્રો પર તિલક લગાવી દો અને ફૂલની માળા ચઢાવો. દશેરાના દિવસે શસ્ત્ર પૂજા કરવાથી શોક અને ભયનો નાશ થાય છે અને દેવી વિજય પણ પ્રસન્ન થાય છે.

ચંદન સોલંકી " મહેક "

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS No : 0110
વિષય : દશેરા, રાવણ દહન, શસ્ત્ર પૂજા
શીર્ષક : 'દશેરા, અનિષ્ટોની હાર અને સુખાકારીને આવકાર'
ગદ્ય/પદ્ય : ગદ્ય-લેખ, શબ્દઃ ૩૪૪

આપણે સૌ જાણીએ છીએ કે નવરાત્રીમાં નવદુર્ગાની નવ દિવસ આરાધના પછી દસમો દિવસ આવે છે જેને દશેરા તરીકે ઓળખીએ છીએ. દશેરા એ સત્યનો અસત્ય ઉપર વિજય છે, ધર્મનો અધર્મ ઉપર વિજય છે, સદાચારનો દુરાચાર ઉપર વિજય છે અને શિષ્ટનો અનિષ્ટ ઉપર વિજય છે. ભગવાન શ્રી રામે નવરાત્રીમાં નવદુર્ગા માની પૂજા અર્ચના કરીને અનિષ્ટોના પ્રતિક એવા દુરાચારી રાવણ સાથે યુદ્ધ કરીને દશેરાને દિવસે વિજય પ્રાપ્ત કર્યો હતો. લોકોએ પાપ અને દુઃશાસન, અનૈતિકતા અને દુરાચારના અંતને તથા સદાચાર અને ધર્મના સ્થાપનને એક ઉત્સવના રૂપમાં ઉજવવાનું શરૂ કર્યું.

રાવણ તો માત્ર અનિષ્ટનું એક પ્રતીક હતો. તે દુરાચારી અને દુર્ગુણોનો ભંડાર હતો. પ્રખર જ્ઞાની હતો, શિવ ભક્ત હતો અને અજેય યોદ્ધા ગણાતો હતો, પરંતુ તેના અભિમાન અને દુરાચારે તેનો વિનાશ નોતર્યો. વિસ્તૃત અર્થમાં જોઈએ તો આજના યુગમાં પણ સમાજમાં રાવણની કમી નથી. અરે! એમ કહીએ તો ખોટું નથી કે દરેક વ્યક્તિમાં રાવણ બિરાજે છે. માણસમાં વસતા અહંકાર, ક્રોધ, આડંબર, ઈર્ષ્યા, વેર-ઝેર, દગોફટકો, કુમતિ, કુદ્રષ્ટિ, દુરાચરણ વગેરે તત્વો તેને રાવણ બનાવે છે. આ તત્વો વ્યક્તિના વિચાર અને વર્તનમાં સમાયેલા હોય છે. આ અનિષ્ટ તત્વોને ઓળખવા અને તેનું નિર્મૂલન કરવું એ જ દશેરાના પર્વનો શુભ સંદેશ છે. જીવનને સદાચારી અને નિષ્ઠાવાન બનાવવા માટે આ અનિષ્ટોનો નાશ કરવો જરૂરી છે.

મહાનવમી અને દશેરાના પર્વ સાથે જોડાયેલું એક તથ્ય શસ્ત્રપૂજા અથવા આયુધપૂજાનું પણ છે. નવરાત્રીના નવ દિવસ આયુધોથી મા નવદુર્ગા વિવિધ સ્વરૂપે મહિષાસુર દાનવ સાથે લડીને તેનો સંહાર કરે છે અને દેવોને ભયમુક્ત કરે છે. અનિષ્ટ તત્વો સામે લડવામાં અને સામાન્ય લોકોની સુખાકારી માટે ઉપયોગમાં લેવાતાં શસ્ત્રો અને ઉપકરણોનું આજે પણ નિષ્ઠાપૂર્વક પૂજન કરવામાં આવે છે. ગુપ્તવાસમાંથી પાછા ફરતાં પાંડવોએ કરેલી આયુધપૂજા પણ મહાનવમી અને વિજયાદશમીના દિવસોમાં જ કરવામાં આવી હતી એવું શાસ્ત્રોમાં ઉલ્લેખ છે. આ કારણે ખાસ કરીને દક્ષિણ ભારતના રાજ્યોમાં શસ્ત્રપૂજા કે આયુધપૂજાનું મહત્વ વિશેષ જોવા મળે છે. આજના યુગમાં આયુધને વિસ્તૃત અર્થમાં જોવામાં આવે છે. શસ્ત્રો ઉપરાંત મશીનરી, કોમ્પ્યુટર, વાહનો અને બીજા સ્વસંચાલિત ઉપકરણોની પણ આ દિવસે પૂજા કરવામાં આવે છે જેના દ્વારા રોજગારી મળે છે અને જનસમુદાયને સુખાકારી પ્રાપ્ત થાય છે.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS NO - 334
વિષય:- દશેરા, રાવણ દહન , શસ્ત્રપૂજા
શીર્ષક:- કર આદ્યશક્તિની ભક્તિ
પ્રકાર:- પદ્ય શબ્દો:- ૭૯

કર આદ્યશક્તિની ભક્તિ,અપાર શક્તિ મેળવી લે,
કામ,ક્રોધ,લોભ,મોહ મારી,મા અંબાની ભક્તિ કરી લે.

જગાડ તારામાં આત્મવિશ્વાસ, કઠોર તપ કરી લે,
સેવા,પૂજા,અર્ચન કરી મા અંબાને પ્રગટ કરી લે.

ઉપાડ શસ્ત્ર સત્યનું દંભ,જૂઠ,અત્યાચાર ડામી દે,
રામનું સ્મરણ કરી લે,વિજય પતાકા લહેરાવી દે.

માર ભીતરના ષડરિપુઓ,રાવણને માત કરી દે,
કર દશેરાએ કામદહન,વિજય વરમાળા પહેરી લે.

ઓગાળી દે અહમને,દસ ઈન્દ્રિયોને તું જીતી લે,
કરી લે પ્રેમલક્ષણા ભક્તિ,પરમને પ્રાપ્ત કરી લે.

★મહેશ રાઠોડ "સ્નેહદીપ"હિંમતનગર★

# કથાની કથની- પૂળો / આશા વીરેંદ્ર

કથાની કથની- પૂળો / આશા વીરેંદ્ર

નમસ્તે પ્રદીપભાઈ, મીનાક્ષીબહેન..
અમે ચાર સંપાદકો- જુગલકિશોર વ્યાસ, પ્રીતિબહેન સેનગુપ્તા, દેવિકા ધ્રુવ અને રાજુલ કૌશિક દ્વારા પ્રસિદ્ધ પત્રશ્રેણી -'પત્રોત્સવ' ને ન્યૂઝ ઑફ ગાંધીનગર / જન ફરિયાદમાં મૂકી જેને સરસ પ્રતિભાવ મળ્યાં.

'પત્રોત્સવ' નાં સમાપનને થોડો સમય પસાર થયો અને ફરી એકવાર નવી વાત-નવી શ્રેણી- 'કથાની કથની' લઈને આપણે મળતાં રહીશું.

'સાહિત્ય સંગીતનું વિશ્વ' નાં પંચમ વર્ષ નિમિત્તે શરૂ કરેલી 'કથાની કથની' વાર્તાશ્રેણીમાં 'સાહિત્ય સંગીતનું વિશ્વ'નાં સર્જકોની સાથે કેટલાક ઉમદા સર્જકોને પણ વાર્તા મોકલવાનું આમંત્રણ આપ્યું છે જેનો સૌએ સહર્ષ સ્વીકાર કર્યો છે.




આશાબહેન વીરેંદ્રનાં નામથી તમે પરિચિત તો હશો જ.

આ નિમિત્તે મળેલી વાર્તાઓમાં સૌ પ્રથમ સુશ્રી આશાબહેન વીરેંન્દ્રની વાર્તા - 'પૂળો મૂક્યો' થી પ્રારંભ રહીએ છીએ.

આ પ્રથમ વાર્તા દશેરાના દિવસે મુકાય એવી ઈચ્છા છે જેમાં પ્રદીપભાઈની સંમતિ ભળી એનો આનંદ.

હવે પછીની દરેક વાર્તા રવિવારે જન ફરિયાદમાં મુકાય એવી ગોઠવણ કરીશું જેથી વધુ વાચકો સુધી આપણું અભિયાન પહોંચે.

આભાર.
રાજુલ કૌશિક

# ગુજરાત જાહેર સેવા આયોગની મુખ્ય પરીક્ષાના પરિણામમાં થઈ રહ્યો છે ભારે વિલંબ

ગુજરાત જાહેર સેવા આયોગના અગાઉની જાહેરાતોના બાકી પરિણામો, સમાન ઉમેદવારો મોટા ભાગ જાહેરાતોમાં રીપીટ થવાનીસંભાવના અનિશ્ચિતતા ધ્યાને લઈને ગુજરાતના યુવાનોને ન્યાય આપવાની રાજયના મુખ્યમંત્રીશ્રી સમક્ષ માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાત જાહેર સેવા આયોગ (ય્જીઝ) દ્વારા તારીખ ૨૦ થી ૨૫ ઓક્ટોબર દરમિયાન જાહેરાત નંબર ૪૭/૨૦૨૨-૨૩ ની મુખ્ય પરીક્ષા નું આયોજન થનાર છે, જેમાં આશરે ૧૦,૦૦૦ થી વધારે ઉમેદવારો પરીક્ષા આપશે. પરંતુ હાલની પરિસ્થિતિ ધ્યાન લેતા જાહેરાત નંબર ૩૦/૨૦૨૧-૨૨ ના આખરી પરિણામ બાબતે નામદાર હાઈકોર્ટમાં પિટિશન ચાલી રહેલ છે જેનો આખરી ચુકાદો આવેલ નથી તદઉપરાંત ત્યારબાદની વર્ગ૧ અને ૨ ની સિવિલ સર્વિસ પરીક્ષા એટલે કે જાહેરાત ક્રમાંક ૨૦/૨૦૨૨૨૩ ની મુખ્ય પરીક્ષા નું પરિણામ હજુ સુધી જાહેર થયેલ નથી આમ જીપીએસસી દ્વારા એક સાથે સમાંતરે ત્રણ વર્ગ-૧ અને વર્ગ-૨ ની સિવિલ સર્વિસ પરીક્ષા ચાલી રહેલ છે. આમ એક સાથે ચાલી રહેલ ત્રણ સમાંતર પરીક્ષાઓના કારણે જે ઉમેદવારો જાહેરાત ક્રમાંક ૩૦/૨૦૨૧-૨૨ માં ઉત્તિર્ણ થયેલા છે તે જ ઉમેદવારો જાહેરાત ક્રમાંક ૨૦/૨૦૨૨૨૩ ના ઈન્ટરવ્યૂમાં પણ પસંદ થાય તેવી શક્યતા છે. વધુમાં જાહેરાત ક્રમાંક ૩૦/૨૦૨૧-૨૨ અને જાહેરાત ક્રમાંક ૨૦/૨૦૨૨૨૩ ના ઉમેદવારો જ જાહેરાત ક્રમાંક ૪૭/૨૦૨૨-૨૩ ની મુખ્ય પરીક્ષામાં તથા આખરી પરીણામમાં રીપીટ થશે. આ જાહેરાતોમાં કોઈ વેઈટિંગ લિસ્ટ અનુસરવામાં આવતું નથી આથી શક્યતા છે કે ત્રણેય જાહેરાતોમાં સમાન વિદ્યાર્થીઓ જ રીપીટ થાય અને અંતે જગ્યાઓ ખાલી રહે તથા નવી તૈયારી કરતા વિદ્યાર્થીઓને તક જ ના મળે.

યુપીએસસી દ્વારા દર વર્ષે એક જ સિવિલ સર્વિસ એક્ઝામ લેવામાં આવે છે તથા એક પરીક્ષાનું અંતિમ પરિણામ જાહેર થયા બાદ જ અન્ય સિવિલ સર્વિસ એક્ઝામ ની મુખ્ય પરીક્ષા લેવામાં આવે છે.

જાહેરાત ક્રમાંક ૩૦/૨૦૨૧-૨૨ ની જાહેરાત પ્રસિદ્ધ થયાના આશરે ૭૮૦ દિવસો તથા જાહેરાત ક્રમાંક ૨૦/૨૦૨૨૨૩ ની જાહેરાત પ્રસિદ્ધ થયાના આશરે ૫૧૩ દિવસો થયેલા છે આમ ઘણા લાંબા સમયથી પડતર રહેલ બંને સિવિલ સર્વિસ એક્ઝામ પ્રથમ પૂર્ણ કરવામાં આવે તથા ત્યારબાદ જ જાહેરાત ક્રમાંક ૪૭/૨૦૨૨-૨૩ ની મુખ્ય પરીક્ષા લેવામાં આવે તો તમામ ઉમેદવારોને સમાન તક મળે. ગુજરાત જાહેર સેવા આયોગની પરીક્ષાના પરિણામમાં થઈ રહેલા વિલંબથી આર્થિક અને માનસિક પરેશાનીનો ભોગ ગુજરાતના યુવાનો બની રહ્યાં છે.

જાહેરાત ક્રમાંક ૩૦/૨૦૨૧-૨૨ બાબતે નામદાર હાઈકોર્ટમાં ચાલી રહેલ પિટિશનમાં તેના મુખ્ય પરીક્ષાના પેપરો ની ચકાસણી બાબતે ઉમેદવારોને થતો અન્યાય જવાબદાર છે. જીપીએસસી દ્વારા મુખ્ય પરીક્ષાના પેપરની ચકાસણીમાં પેપરને ડિજીટલી સ્કેન કર્યા બાદ યોગ્ય રીતે રેન્ડમાઈજ કરવામાં આવતા નથી.

ગુજરાત જાહેર સેવા આયોગની અનિશ્ચિતતા, અગાઉની જાહેરાતો ના પડતર પરિણામ, સમાન ઉમેદવારો જ ત્રણેય જાહેરાતોમાં રીપીટ થવાની સંભાવના વગેરે બાબતો ધ્યાને લેતા પ્રથમ અગાઉની તમામ જાહેરાતો પૂર્ણ કર્યા બાદ જ ગુજરાત જાહેર સેવા આયોગ (ય્જીઝ)ની મુખ્ય પરીક્ષા નું આયોજન કરવામાં આવે તેવી ઉમેદવારોની રજુઆત અંગે તાત્કાલીક ન્યાયીક પગલા ભરવા કોંગ્રેસ પક્ષે માંગ કરી છે.




Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.